

# પરિષદ-વૃત્ત

**સં. અનિલા દલાલ**

### (૧) ચિ. મં. ગ્રંથાલય – બાળવિભાગ

ગુજરાતી સાહિત્ય પરિષદ દ્વારા સંચાલિત ચિ. મં. ગ્રંથાલયના ઉપક્રમે બાળવિભાગ અન્વયે બાળકોની ગુજરાતી ભાષા પ્રત્યેની રુચિ વધે અને ગુજરાતી ભાષાને વેગ મળે તેવા આશયથી તા. ૨૭-૨-૦૯ ને શુક્રવારે સાંજે ૪થી ૬ દરમ્યાન બાળ-પુસ્તક વાંચનસ્પર્ધાના એક કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું હતું, જેમાં અતિથિવિશેષ તરીકે શ્રી પ્રિયવદનભાઈ રાંદેરિયાને આમંત્રિત કરવામાં આવ્યા હતા, પરંતુ એમની નાદુરસ્ત તબિયતને કારણે તેઓ આવી શક્યા નહોતા.

વિવિધ શાળાઓ જેવી કે નવરંગ સ્કૂલ, સી. એન. વિદ્યાલય, શારદામંદિર, અંકુર, શાહપુર શાળા નં. ૭, એલિસબ્રિજ શાળા નં. ૧૦, ઉસ્માનપુરા મ્યુ. શાળા નં. ૨, શાહપુર શાળા નં. ૫, વિશ્વવિદ્યાલય પ્રા. શાળા (અસારવા), ડાહીબહેન ચીમનલાલ પ્રાથમિક શાળા (મણિનગર), અમદાવાદ ઇન્ટરનૅશનલ, સ્ફુમ સ્કૂલ, વંદના સ્કૂલના વિદ્યાર્થીઓએ મોટી સંખ્યામાં હાજરી આપી ૫૭ બાળકોએ ભાગ લીધો હતો. ધો. ૩થી ૭નાં બાળકોનો સમાવેશ કરવામાં આવ્યો હતો.

શ્રી દીપ્તિબહેન શાહે વિવિધ સ્કૂલોનાં બાળકોની હાજરીને બિરદાવી સ્વાગત કર્યું હતું, પરિષદના પ્રકાશનમંત્રી શ્રી ભારતીબહેન દવે અને પરિષદના કોષાધ્યક્ષ શ્રી રાજેન્દ્રભાઈ પટેલે પ્રાસંગિક વક્તવ્ય આપી બાળકોને પ્રોત્સાહન આપતું વક્તવ્ય રજૂ કર્યું હતું. બાળકોને એક પુસ્તકમાંથી (બોધકથાઓ) પઠન કરી તેમાંથી તેનો સાર અથવા તો તેમને શું ગમ્યું તેની અભિવ્યક્તિ ખૂબ સુંદર રીતે કરી હતી. શ્રી કલ્પનાબહેન પરીખ, જેઓ (બાળવિભાગ) લાયબ્રેરીમાં સ્વૈચ્છિક માનદ્ સેવાઓ આપી રહ્યાં છે તેઓએ સ્પર્ધાના નિર્ણાયક તરીકેની જવાબદારી સ્વીકારી હતી. આ કાર્યક્રમ દરમ્યાન પરિષદના તેમજ ક. લા. સ્વાધ્યાય મંદિરના હોદ્દેદારો હાજર રહ્યા હતા. અંતે શ્રી કલ્પનાબહેન દ્વારા વિજેતાઓનાં નામ બોલાયાં બાદ તેઓને પુસ્તકોની ભેટ શ્રી ભારતીબહેન દ્વારા આપવામાં આવી હતી. ભાગ લેનાર દરેક વિદ્યાર્થીને એક પુસ્તકની ભેટ તો અચૂક અપાઈ જ હતી. આ કાર્યક્રમની આભારવિધિ અને સમાપન શ્રી ગંગારામ વાઘેલા (ચિ. મં. ગ્રંથાલય) દ્વારા થયું હતું.

**– દીપ્તિ શાહ**
**ગંગારામ વાઘેલા**

(૨) સાબરમતી આશ્રમમાં તારીખ ૩૦-૧-૦૯ના રોજ શ્રી શૈલેષ પારેખ સંપાદિત નાટક 'ધ પ્રોફેટ ઍન્ડ ધ પોયેટ' રવીન્દ્ર ભવનના ઉપક્રમે પ્રસ્તુત કરવામાં આવ્યું હતું. એ પ્રસ્તુતિ સંદર્ભે તા. ૪-૩-૨૦૦૯ની સાંજે એક ચર્ચાસભાનું આયોજન કરવામાં આવ્યું. શૈલેષભાઈની નાટક સંબંધે વાત રજૂ થયા પછી સારી એવી ચર્ચા થઈ હતી. કેટલાક પ્રેક્ષકોનું કહેવું હતું કે પ્રસ્તુત થયેલી બાબતો બરાબર પહોંચી નહોતી. સૂત્રધારે ગાંધીજી-ટાગોરના તે તે સમયના પ્રસંગો – ઘટનાઓની સ્પષ્ટતા કરવી જોઈએ જેથી ભાવક એનો મર્મ પકડી શકે. તો આ પ્રસ્તુતિને કેટલે અંશે નાટક કહી શકાય એ બાબતે પણ વિવાદાસ્પદ મુદ્દાઓ ઉપસ્યા હતા. મોટાભાગના ઉપસ્થિત સભ્યોને લાગ્યું કે આને 'વાચિકમ્'ના ખાનામાં મૂકવાથી અથવા તો 'રેડિયો પ્લે'ના જેવી સંજ્ઞા આપવાથી વધુ સ્પષ્ટતા રહી હોત. શ્રી નિરંજન ભગતે સમાપનમાં ગાંધીજી- ટાગોર સંબંધ વિશે હૃદયસ્પર્શી વાતો કરી હતી.

(૩) 'સર્જકો સાથે સંવાદ' કાર્યક્રમમાં તા. ૩-૩-૨૦૦૯ને મંગળવારે શ્રી અજય રાવળની ઉપસ્થિતિમાં નવોદિતો તેમજ અન્યની કૃતિઓનું પઠન તેમજ પછીથી તે વિશે – કૃતિઓની લાક્ષણિકતા તેમજ મર્યાદાઓ – ચર્ચા થઈ. શ્રી અજયભાઈએ કૃતિને કલાત્મક / કાવ્યાત્મક બનાવવા તરફની ગતિનો આલેખ આપ્યો હતો.

(૪) તા. ૫-૩-૨૦૦૯ – પાક્ષિકીના ઉપક્રમે શ્રી દક્ષાબહેન પટેલની વાર્તાનું પઠન અને પછી તેની વિશેષતાઓ વિશે ચર્ચા થઈ, તો સાથે કૃતિને વધુ સક્ષમ બનાવવા શા ફેરફાર જરૂરી હોય તેનું સહચિંતન થયું.

(૫) તા. ૧૭-૩-૨૦૦૯ – ત્રીજો મંગળવાર : શ્રી રતિલાલ બોરીસાગરની ઉપસ્થિતિમાં શુદ્ધ લેખન વિશે આસ્વાદમૂલક ચર્ચાનો કાર્યક્રમ યોજાયો. સ્વરચિત કૃતિ લઈ આવેલા સભ્યો સાથે અને સભામાં સામાન્યપણે શુદ્ધ લેખન માટેની મહત્ત્વની બાબતો રજૂ કરાઈ.

(૬) દિલ્હીની સાહિત્ય અકાદમી તરફથી તા. ૧૪-૩-૦૯ અને ૧૫-૩-૦૯ના દિવસોએ પરિષદના પરિવેશમાં અને પરિષદપ્રમુખશ્રી નારાયણભાઈ દેસાઈની સતત ઉપસ્થિતિમાં 'હિંદ-સ્વરાજ'ની શતાબ્દી નિમિત્તે એક પરિસંવાદનું આયોજન થયું હતું.

(૭) તા. ૧૪-૩-૦૯ની સાંજે ગુજરાતી સાહિત્ય પરિષદના સહયોગમાં વિનોદિની નીલકંઠ – મનુભાઈ પરીખ સ્મૃતિસંધ્યાનું આયોજન વિનોદિનીબહેનના પરિવાર તરફથી કરવામાં આવ્યું હતું. આરંભમાં શ્રી સુકુમારભાઈ અને શ્રી રંજનાબહેને પરિવાર તેમજ વિશેષે તેમનાં માતુશ્રી વિનોદિનીબહેનનાં વ્યક્તિત્વનાં સાહિત્યિક વગેરે પાસાંઓ પર પ્રકાશ પાડ્યો. તે પછી ત્રણ પુસ્તકોનું વિમોચન કરવામાં આવ્યું : (૧) ઇતિહાસવિદ્ શ્રીમતી અપર્ણા બાસુએ 'વિનોદિની નીલકંઠની સાહિત્યસૃષ્ટિ ખંડ-૩', (૨) શ્રીમતી રોહિણીબહેન પટેલે 'ગુજરાતી લેખિકાઓની સૂચિ' અને (૩) જાણીતા લેખક શ્રી રઘુવીર ચૌધરીએ 'The Road Less Travelled' (જેમાં વિનોદિનીબહેનનું ટૂંકું જીવનઆલેખન તેમજ કૃતિઓના અંશોનું અંગ્રેજી છે.) સૌએ પ્રાસંગિક વક્તવ્યો રજૂ કર્યાં હતાં; સાથે અંગ્રેજી પુસ્તક વિશે શ્રી શૈલજા પરીખે પણ વક્તવ્ય આપ્યું. સમગ્ર કાર્યક્રમનું સંચાલન શ્રી દૃષ્ટિ પટેલે કર્યું હતું. મહામાત્રશ્રી, ગુજરાત સાહિત્ય અકાદમી – શ્રી કિરીટ દૂધાત હાજર રહી શક્યા નહોતા.

કાર્યક્રમના બીજા ભાગમાં 'નારીલેખન' વિશે વિમર્શ રાખવામાં આવ્યો હતો. ગુજરાતી લેખિકાઓનાં વિશ્વ, તેમનાં લેખનનું પરિમાણ, પ્રભાવ અને પ્રદાન વિશે શ્રી અનિલા દલાલ, શ્રી રઘુવીર ચૌધરી, શ્રી બિંદુ ભટ્ટ તેમજ શ્રી ઉષા ઉપાધ્યાયે પોતાના વિચારો રજૂ કર્યા હતા. કાર્યક્રમને અંતે શ્રી જગદીપ પરીખે આભારદર્શન કર્યું હતું.

(૮) ગુજરાતી સાહિત્ય પરિષદ સંચાલિત ક. લા. સ્વાધ્યાયમંદિર અને ગુજરાત

સાહિત્ય અકાદમીના સંયુક્ત ઉપક્રમે સૂચિવિદ્યા વિશેની એક સંગોષ્ઠિનું આયોજન તા. ૨૦-૩-૦૯ના રોજ ગોવર્ધન સ્મૃતિ મંદિરમાં કરવામાં આવ્યું.

(૯) **આગામી કાર્યક્રમ :** તા. ૧૮-૪-૦૯ શનિવારે સાંજે ૫.૦૦ કલાકે શ્રી જવાહર બક્ષી ગઝલની કાર્યશાળા યોજશે. શ્રી મહેન્દ્રકુમાર રિખવચંદ શાહપ્રેરિત આ કાર્યક્રમ મુંબઈમાં મણિબહેન નાણાવટી કૉલેજના ગુજરાતી વિભાગ દ્વારા મ. ના. કૉલેજ, વિલેપાર્લેમાં યોજવામાં આવ્યો છે.

(૧૦) એનીબહેન સરૈયા લેખિકા પ્રોત્સાહન નિધિ અંતર્ગત શ્રી ધીરુબહેન પટેલની વિનંતી છે કે સૌ બાળસાહિત્યપ્રેમી લેખિકાઓ નાનાં વર્તુળોમાં બાળસાહિત્યની લેખનની કાર્યશાળા યોજે અને બાળકો, કિશોરો સમક્ષ એમાંથી પસંદ કરેલી બાળવાર્તાઓનું પઠન કરવાના કાર્યક્રમો યોજી બાળસાહિત્ય વિશે સજગતા ઊભી કરે.

r

r **અંજલિ**

### વિનોદ મેઘાણીની ચિરવિદાય

વિનોદ મેઘાણીના સ્મરણ સાથે 'Lust for Life' – 'સળગતાં સૂરજમુખી'નું સ્મરણ તરત થઈ આવે અને સાથે એમની શિષ્ટ-સંસ્કૃત પુરુષની છબિ પણ પ્રત્યક્ષ થાય. આજીવન એમણે વિદ્યા-સાહિત્યનું સેવન કર્યું તેય પૂર્ણ નિસ્બત-નિષ્ઠાથી. મેઘાણીકુળના આ શબ્દસેવીનો માધ્યમિક શિક્ષણ સુધીનો. ઉચ્ચશિક્ષણ લેવાનું ન બન્યું, પણ પરંપરાના શિક્ષણ વગર એમણે જીવનને જ શિક્ષણ માન્યું અને જાતને ઘડી. માણસ માત્ર પ્રત્યે એમને સ્નેહ. વળી અબોલ જીવ પ્રત્યે પણ એટલો સ્નેહ. એમણે ઝવેરચંદ મેઘાણીના પત્રોનું 'લિ. હું આવું છું' એ નામે સંપાદન કર્યું છે. 'સૌરાષ્ટ્રની રસધાર'નું અંગ્રેજીમાં ભાષાન્તર કર્યું. એ ઉપરાંત 'અખેપાતર' (બિન્દુ ભટ્ટ), 'સમુદ્રાન્તિકે' (ધ્રુવ ભટ્ટ), 'મહાદેવભાઈની ડાયરી', 'માણસાઈના દીવા' (ઝવેરચંદ મેઘાણી), 'અંધારી ગલીમાં સફેદ ટપકાં' (હિમાંશી શેલત) ઇત્યાદિ ગુજરાતી કૃતિઓને અંગ્રેજીમાં ઉતારી. આ કામમાં એમની ચીવટનાં દર્શન થાય. એમની સમજ પમાય અને મૂળ ભાષા જેટલું વિત્ત અંગ્રેજીમાં પણ વર્તાય. એમની આ અનુવાદ-પ્રવૃત્તિને 'અનુસર્જન' કહેવાઈ છે તે યથાર્થ છે. વાન ઘોઘની જીવનકથાના સંદર્ભે તો રાજેન્દ્ર આચાર્ય એમને 'અગ્નિગોત્રના અનુસર્જક' કહે છે એ પણ એટલું જ સાચું છે. વ્યવસાયમાં પણ એમની દક્ષતા એટલી જ. 'સાગરખેડૂનાં સંસ્મરણો'માં એમની અનુભવગાથા છે. એ લેખો પુસ્તક રૂપે પ્રસિદ્ધ થશે ત્યારે વિનોદભાઈની નોખી છવિ લબ્ધ થશે. બિપિન પટેલે એમની શિસ્તને 'અંગ્રેજ' સાથે સરખાવી છે અને એમના સ્નેહાળ વ્યક્તિત્વને સંભાળ્યું છે. અબ્રામામાંનું એમનું નિવાસસ્થાન એ સહુ માટે ખુલ્લું હતું. નામ પણ કેવું – 'સખ્ય'. સહુ સાથે સખાનો ભાવ. આવા ભાવુકજનનું આ નશ્વર જગતમાંથી વિદાય થવું સહુને ગ્લાનિ પહોંચાડે. પરંતુ નિયતિ એ તો નિયતિ. ૧૫ ફેબ્રુઆરીએ વિનોદભાઈ 'હું આવું છું' કીધા વગર ચાલ્યા ગયા. એમને અંજલિ.